| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૫૨ |
| અમદાવાદ | ૧૮૪ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૯ ૨૮ જુલાઈ, ૨૦૨૦, મંગળવાર; શ્રાવણ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ભારતનો વધુ ૪૭ ચીની એપ્લિકેશન પર પ્રતિબંધ

### ચીન પર ભારતની બીજી ડિજિટલ સ્ટ્રાઈક : પબજી સહિત બીજી ૨૭૫ એપ ઉપર ભારત પ્રતિબંધ લગાવશે

નવી દિલ્હી, તા.૨૭

ભારત સરકારે ફરી એકવાર ચીન સાથે સંકળાયેલી કંપનીઓ પર મોટી કાર્યવાહી કરી છે. ભારત સરકારે ૪૭ વધુ ચીની એપ પર પ્રતિબંધ મૂક્યો છે. આ અગાઉ ચીન તરફથી ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રતિબંધિત એપ્લિકેશનોમાં હવે મોટે ભાગે ક્લોનીંગ એપ્લિકેશનો શામેલ છે. મીન પહેલેથી જ પ્રતિબંધ એપ્લિકેશન જેવી એપ્લિકેશનો બનાવીને બનાવવામાં આવી હતી. આ એપ્સ પર યુઝર્સના ડેટા ચોરીનો આરોપ લગાવવામાં આવ્યો છે. ગાલવાન ખીણમાં થયેલા અથડામણને પગલે ભારતે ચાઈનીઝ એપ્સ સામે કાર્યવાહી શરૂ કરી હતી. ભારત સરકારે પહેલેથી જ ટિક-

● અનુસંધાન પાન-૭ પર




## વ્યાજદરમાં ઘટાડાની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૨૭

કોરોના સંકટ સામે ઝઝુમી રહેલા અર્થતંત્રને બચાવવા માટે ભારતીય રિઝર્વ બેંક ફરી એક વખત વ્યાજ દરોમાં કાપ મુકી શકે છે. એક અહેવાલ પ્રમાણે આગામી નાણાંકીય નીતિ સમીક્ષા દરમિયાન આરબીઆઈ પ્રમુખ નીતિગત દર રેપોમાં ૦.૨૫ ટકાનો વધારાનો કાપ મુકી શકે છે. આગામી ૪ ઓગષ્ટથી આરબીઆઈના ગવર્નરની અધ્યક્ષતામાં નાણાંકીય નીતિ સમિતિની ત્રણ દિવસ ચાલનારી બેઠક શરૂ થશે અને ૬ ઓગષ્ટના રોજ આ અંગેની જાહેરાત કરવામાં આવશે. રિઝર્વ બેંક કોવિડ-૧૯ મહામારીના પ્રકોપથી અર્થતંત્રને થનારા નુકસાન અને લોકડાઉનની અસર સીમિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.







